# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૫- (A) તા.૧૩-૪-૧૮

ફકત મ્યુનિ. શાળાઓ માટે :-

આથી તમામ મ્યુનિ. શાળાઓના મુખ્ય શિક્ષકશ્રીઓને જણાવવાનું કે,આગામી તા.૧૮-૪-૧૮ને દિવસેને સમગ્ર વિશ્વમાં યુનેસ્કો દ્વારા **'વર્લ્ડ હેરિટેજ ડે'** તરીકે ઘોષિત કરવામાં આવે છે. જે અંતર્ગત અમદાવાદ શહેરને તો ભારતના પ્રથમ વર્લ્ડ હેરિટેજ સિટીનું વિશ્વ ગૌરવ પ્રાપ્ત થયેલ છે. આ નિમિત્તે આગામી તા.૧૮-૪-૧૮ના રોજ " વર્લ્ડ હેરિટેઝ ડે " ની ઉજવણી મ્યુનિ. શાળાઓમાં કરવા અંગે નીચેના કાર્યક્રમો યોજવા.

**૧. હેરિટેઝ વોક :**

આ સાથેની યાદી મુજબની મધ્યઝોનની તથા હિન્દી, ઉર્દૂ ઝોનની ઉચ્ચ પ્રાથમિક શાળાના ધો.૭ અને ધો.૮ના તમામ વિદ્યાર્થીઓએ " હેરિટેજ વોક " કાર્યક્રમ અંતર્ગત સવારે ૭.૩૦ કલાકે મુખ્યશિક્ષક તથા તમામ શિક્ષકો સાથે કાળુપુર શ્રી સ્વામિનારાયણ મંદિર ખાતે ઉપસ્થિત રહેવાનું રહેશે. જેનો વિગતવાર કાર્યક્રમ ઝોનના મદદનીશ શાસનાધિકારીશ્રી પાસેથી મેળવી લેવો.

**૨. ચિત્ર સ્પર્ધા :**

તા.૧૮-૪-૧૮ના રોજ ધો.૬ થી ૮ના તમામ વિદ્યાર્થીઓ માટે ચિત્ર સ્પર્ધાનો સમય સવારે ૮-૦૦ થી ૧૦-૦૦ કલાકનો રહેશે. જેમાં નીચે પ્રમાણે આપેલા પાંચ વિષયો પૈકી શાળા દ્વારા આપવામાં આવેલ ૧૩ x ૧૧ ઈંચ ની સાઈઝના ડ્રોઈંગ પેપર ઉપર વર્ગ શિક્ષકોની હાજરીમાં દર્શાવેલ સમયમર્યાદામાં ચિત્રકામ(પેઈન્ટીંગ) કરવાનું રહેશે. શાળાકક્ષાએથી ડ્રોઈંગ પેપર ખરીદ કરી વિદ્યાર્થીઓન આપવાના રહેશે. દરેક વિદ્યાર્થીએ કાગળની પાછળ જે-તે સંસ્થાનું નામ, વિદ્યાર્થીનું નામ અને સંપર્ક નંબર, વર્ગ નિરીક્ષકની સહી તથા જે-તે સંસ્થાનો સિક્કો બિનચૂક રીતે લખવાનો રહેશે. વિદ્યાર્થીઓએ ચિત્ર દોરીને તેમાં ચોક કલર કે ઓઈલ પેસ્ટલ કલર કરવાનો રહેશે. વિદ્યાર્થીઓએ કાગળ સિવાયની તમામ સામગ્રી જાતે લાવવાની રહેશે. આ સ્પર્ધામાં એકપણ વિદ્યાર્થી ગેરહાજર ન રહે તે માટે મુખ્ય શિક્ષકે સવિશેષ આયોજન કરવાનું રહેશે. મુખ્યશિક્ષકશ્રીએ ધો.૬ થી ૮ના જે તે વર્ગમાંથી વર્ગવાર પ્રથમ બે ક્રમના ચિત્રો પસંદ કરી તા.૧૮-૪-૧૮ના રોજ ૧૧-૦૦ વાગ્યા સુધીમાં વિદ્યાર્થીઓએ દોરેલ ચિત્રને જૂથવાર બંચ બનાવીને વિદ્યાર્થીના નામ અને વિજેતા ક્રમની યાદી તમારી શાળાના સંલગ્ન સુપરવાઈઝરશ્રીને જે તે ઝોન ઓફિસે પહોંચતા કરવાના રહેશે.

**<u>ચિત્ર સ્પર્ધા માટેનાં વિષયો :</u>**

૧. મારું શહેર , ઐતિહાસિક શહેર....

૨. અમદાવાદ શહેરનો ગૌરવશાળી ઈતિહાસ...

૩. ઐતિહાસિક વારસાની જાળવણીમાં મારી ભૂમિકા.......

૪. પોળ..... મારા નગરની આગવી ઓળખ

૫. અમદાવાદની ક્રાંતિયાત્રા-સ્વાતંત્ર સંગ્રામના સંસ્મરણ

તમારી શાળામાં ચિત્ર સ્પર્ધા દરમ્યાન ધો.૬ થી ૮ના દરેક વર્ગખંડમાં બ્લેક બોર્ડ ઉપર તમારી શાળાનું નામ, જે તે વર્ગખંડ(દા.ત. ૭/અ, ૭/બ) હાજર, ગે.હા. વિદ્યાર્થીઓની સંખ્યા અને વર્ગ શિક્ષક/ખંડ નિરીક્ષકનું નામ અને હેરિટેઝ ચિત્ર સ્પર્ધાના પાંચ વિષયોની વિગત તેમજ ચિત્ર સ્પર્ધાનો સમયગાળો સવારે ૮-૦૦ / ૧૦-૦૦ કલાક સહિતની વિગત લખીને તેનું મોબાઈલમાં વિડીયો રેકોર્ડીંગ કરાવવું.મોબાઈલ રેકોર્ડીંગની શરૂઆત જે તે બ્લેક બોર્ડથી કરીને તમામ વિદ્યાર્થીઓ અને વર્ગ નિરીક્ષકનો સમાવેશ થાય તેવું ધ્યાન રાખવું.

સદરહુ શાળામાં કરેલ વિડીયો રેકોર્ડીંગનો ડેટા જે તે ઝોનમાં શાળાનું ફોલ્ડર બનાવીને તા.૧૯-૪-૧૮ના રોજ ૧૧-૦૦ કલાકે બિનચૂક રીતે આપવાનું રહેશે.

**તા.૧૮-૪-૧૮ને બુધવારના રોજ 'પરશુરામ જયંતિ'ની રજા જાહેર કરેલ હતી જે રદ કરવામાં આવે છે. તા.૧૮-૪-૧૮ના રોજ શાળાઓ રાબેતા મુજબ ચાલુ રહેશે. જયારે તે દિવસની રજા તા.૨૮-૪-૧૮ને શનિવારના રોજ આપવામાં આવે છે.**

તા.૧૩-૪-૧૮

ડૉ. એલ. ડી. દેસાઈ
શાસનાધિકારી

# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૫- (B) તા.૧૩-૪-૧૮

ફકત મ્યુનિ. શાળાઓ માટે :-

**વિષય :- તા.૧૪-૪-૧૮ના રોજ 'સામાજિક ન્યાય દિવસ' ની ઉજવણી કરવા બાબત.**

**ક્રમાંક :- ક્રમાંક : પ્રાશિનિ/સંકલન/૨૦૧૮/૨૪૨૭-૮૦ પ્રા.શિ.નિયામકશ્રીનો તા.૧૨-૪-૧૮નો પત્ર.**

આથી તમામ મ્યુનિ. શાળાઓના મુખ્ય શિક્ષકશ્રીઓને જણાવવાનું કે, ડૉ. બાબાસાહેબ આંબેડકરના જન્મ દિવસ પ્રસંગે તા.૧૪-૪-૧૮ના રોજ 'ગ્રામ સ્વરાજ અભિયાન' અંતર્ગત 'સામાજિક ન્યાય દિવસ'ની ઉજવણી કરવા નક્કી કરેલ છે. આ સાથે સામેલ સંદર્ભિત પત્રનો ચીવટપૂર્વક અભ્યાસ કરી 'સામાજિક ન્યાય દિવસ'ની ઉજવણી કરવાની રહેશે.

તા.૧૩-૪-૧૮

ડૉ. એલ. ડી. દેસાઈ
શાસનાધિકારી

તા.૧૪/૦૪/૨૦૧૮ ના રોજ "સામાજિક ન્યાય દિવસ" ની ઉજવણી કરવા બાબત.

ક્રમાંકઃપ્રાશિનિ/સંકલન/૨૦૧૮/૨૪૨૭-૮૦
પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી,
બ્લોક નં-૧૨/૧, ડૉ.જીવરાજ મહેતા ભવન,
ગુ રા. ગાંધીનગર. તા. ૧૨/૦૪/૨૦૧૮

વંચાણે લીધાઃ- શિક્ષણ વિભાગના ક્રમાંકઃપરચ/૧૨૨૦૧૮/૩૧૬/વ.૨ તા.૧૨/૦૪/૨૦૧૮

<u>પરિપત્રઃ-</u>

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા. ૦૯/૦૪/૨૦૧૮ ના પત્ર દ્વારા ડૉ. બાબા સાહેબ આંબેડકરના જન્મ દિવસ પ્રસંગે તા.૧૪/૦૪/૨૦૧૮ ના રોજ "ગ્રામ સ્વરાજ અભિયાન" અંતર્ગત "સામાજિક ન્યાય દિવસ" ની ઉજવણી કરવા નક્કી કરેલ છે.

સદર કાર્યક્રમ હેઠળ નિષ્ણાંત વ્યક્તિઓ સાથે ડિબેટ કોમ્પીટીશન કરવાની રહેશે. જેમાં પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓએ જોડાવાનુ રહેશે. આ સંદર્ભે રન ફોર સોશિયલ જસ્ટીસનુ આયોજન કરવાનુ રહેશે. જેમાં "રાષ્ટ્રીય સમરસતા/સામાજિક ન્યાય" થીમ હેઠળ આપના જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં નીચે મુજબના કાર્યક્રમો હાથ ધરવાનું આયોજન કરવા જણાવવામાં આવે છે.

- તા. 14.04.2018 ના રોજ યોજવામાં આવનાર શિબિરમાં જ્ઞાતિ અને આવકના પ્રમાણપત્રો ન હોય તેવા અનુસૂચિત જાતિના પરિવારોને જાતિ અને આવક પ્રમાણપત્રો પખવાડિયામાં પુરા પાડવાના રહેશે.
- ધો-૮ ના તમામ વિદ્યાર્થીઓને ફરજિયાત નોંધણી કરવાની રહેશે.
- પ્રાથમિક શાળાઓમાં ૧૦૦% હાજરી રહે તેનું ખાસ ધ્યાન રાખવાનુ રહેશે.
- યોગ્ય યોજનાઓ અંતર્ગત આવક મર્યાદાના આધારે લાયક અનુસુચિત જાતિના વિદ્યાર્થીઓને પણ સ્કોલરશીપમાં સમાવવા. (પ્રી-મેટ્રીક સ્કોલરશીપ અને પોસ્ટ-મેટ્રીક સ્કોલરશીપ)

આ કાર્ય એક મિશનના ધોરણે 14 મી એપ્રિલ, 2018 થી શરૂ થવુ જોઈએ. આ કાર્યની પ્રગતિની નોંધ MIS ઉપર કરવામાં આવશે. જેની માહિતી થોડા સમયમાં ઉપલબ્ધ થશે.

સંયુક્ત શિક્ષણ નિયામક
પ્રાથમિક શિક્ષણ
ગુ.રા.ગાંધીનગર

પ્રતિ,
- જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, જિલ્લા શિક્ષણ સમિતિ, તમામ
- શાસનાધિકારીશ્રી, નગર શિક્ષણ સમિતિ, તમામ

નકલ સવિનય રવાનાઃ-
- સેકશન અધિકારીશ્રી (હ-શાખા) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર